અપીલ અરજી નં.૧૭૨ તા.૧૫–૭ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી ઉમરભાઈ અબ્દુલસત્તાર કાપડીયા
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી ઉમરભાઈ અબ્દુલસત્તાર કાપડીયાની તા.૮–૬–૧૧ની અરજીથી મુદ્દા નં.(અ)શહેર સુરતના ભાગાતળાવ વિસ્તારમાં આવેલ વોર્ડ નં–૧૦, નોંધ નં–૨૫૨૨,૨૫૨૩ અને ૨૫૨૪થી નોંધાયેલ જમીન ઉપર આવેલ ઈમારત ''અમીના મંઝીલ''ના નામથી ઓળખાય છે. સદર આખી મીલકત ભોંયતળીયા વત્તા ત્રણ માળવાળી ચાલી આવેલ છે. જેમાં ભોંયતળીએ નવ દુકાન તથા દરેક ફલોર ઉપર ત્રણ–ત્રણ ફલેટ આવેલ છે એમ કુલ નવ ફલેટ આવેલ છે. સદરહું મીલકત આશરે ૧૯૭૦ના સમયમાં બાંધવામાં આવેલ છે. વિ.મુદ્દા નં.(અ)માં (૧)થી (૬)નીમાહિતી તથા (બ) આરટીઆઈ હેઠળ આપણે મળેલ સદર અરજીના અનુસંધાને આપણા તરફથી મળેલ માહિતીથી વિરુધ્ધ અપીલ કરવી હોય તો તે એપેલેટ ઓથોરીટીયાને અપીલ અધિકારીનું નામ તથા સરનામું આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૫–૭–૧૧ ની **SMC/FAP/** નં.૧૭૨/૨૦૧૧–૧૨

શ્રી ઉમરભાઈ અબ્દુલસત્તાર કાપડીયાની તા.૮–૬–૧૧ની અરજીથી મુદ્દા નં.(અ)શહેર સુરતના ભાગાતળાવ વિસ્તારમાં આવેલ વોર્ડ નં–૧૦, નોંધ નં–૨૫૨૨,૨૫૨૩ અને ૨૫૨૪થી નોંધાયેલ જમીન ઉપર આવેલ ઈમારત ''અમીના મંઝીલ''ના નામથી ઓળખાય છે. સદર આખી મીલકત ભોંયતળીયા વત્તા ત્રણ માળવાળી ચાલી આવેલ છે. જેમાં ભોંયતળીએ નવ દુકાન તથા દરેક ફલોર ઉપર ત્રણ–ત્રણ ફલેટ આવેલ છે એમ કુલ નવ ફલેટ આવેલ છે. સદરહું મીલકત આશરે ૧૯૭૦ના સમયમાં બાંધવામાં આવેલ છે. વિ.મુદ્દા નં.(અ)માં (૧)થી (૬)ની માહિતી તથા (બ) આરટીઆઈ હેઠળ આપણે મળેલ સદર અરજીના અનુસંધાને આપણા તરફથી મળેલ માહિતીથી વિરુધ્ધ અપીલ કરવી હોય તો તે એપેલેટ ઓથોરીટીયાને અપીલ અધિકારીનું નામ તથા સરનામું આપવા બાબતે માંગ્યા મુજબની માહિતી આપી ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૫– ૭ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા સાથે આ જ બાબતે પ્લાન મંજુરી માટે મુકાય તો કઈ જોગવાઈ હેઠળ કાર્યવાહી થાય તે જોગવાઈ નિયમની નકલ સહ સ્પષ્ટતા કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૪૬ તા.૨૯–૭–૧૧ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં નિર્દિષ્ટ વિવિધ તબદીલી પત્રોની વિગતો મોકલવા તથા એસ.એમ.સી.ની વેબસાઈટ પરથી કે પુસ્તકમાંથી ડી.સી.આરની જોગવાઈઓનો સંદર્ભ કરેલ છે કે કેમ? તે જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/૭૬૩ તા.૮–૮–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની તા.૨૬–૪–૧૧ ની અરજીની તથા અરજદારને તે અંગે આપેલ માહિતીની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી. પરંતુ જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન કક્ષાએથી આપેલ પ્રત્યુત્તર તા.૭–૭–૧૧ ના અરજદારને આપેલ માહિતી પત્ર સાથે સુડાનો તા.૧૫–૬–૧૧ નો પત્ર તથા શહેર વિકાસ અધિકારીનો તા.૨૭–૬–૧૧ ના પત્રોની નકલો મળેલ છે.

અરજદારની તા.૮–૬–૧૧ ની અરજીથી વોર્ડ નં.૧૦ નોંધ નં.૨૫૨૨ થી ૨૪ ની મિલકતના બાંધકામ બાબતે અ ના મુદ્દા નં.૧ થી ૬ તથા બ માં અપીલ અધિકારીની વિગતની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સુડા ભવન ખાતે કરવામાં આવેલ. જે સુડા ભવન ખાતેથી પત્ર નં.સુડા/યુ–૪/આઈડી નં.૧૧૭૯/૧૭૭૨ તા.૧૫–૬–૧૧ થી ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી સુરત મહાનગરપાલિકાને તબદીલ કરવામાં આવેલ. જે પત્ર નં.ટીડીઓ/૧૨૦ તા.૨૭–૬–૧૧ થી કાર્યપાલક ઈજનેર સેન્ટ્રલઝોનને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૫૩૦ તા.૭–૭–૧૧ થી અરજદારને માહિતી આપવામાં આવેલ. જે અંગે અરજદારે સુરત મહાનગપાલિકાના જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના નિર્ણયથી નારાજ થઈ તા.૧૫–૭–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ. અરજદારની અરજીના મુદ્દા નં.(અ) ના મુદ્દા નં. (૧) સદર મિલ્કતમાં કેટલા માળ સુધી બાંધકામની પરવાનગી મળી શકે? (૨) સદર મિલ્કતમાં કેટલો એફ.એસ.આઈ. બાકી છે? (૩) જો સદર મિલ્કતમાં ચોથા માળે બાંધકામ કરવું હોય તો શું કાર્યવાહી કરવી પડે? (૪)કયાં કયાં પેપર રજૂ કરવા પડે? (૫) કયા ખાતા અને અધિકારી પાસે કાર્યવાહી કરવાની હોય છે.? (૬)કેટલા સમયમાં બાંધવાની પરવાનગી મળે? (બ) આરટીઆઈ હેઠળ આપણે મળેલ સદર અરજીના અનુસંધાને આપણા તરફથી મળેલ માહિતીથી વિરુધ્ધ અપીલ કરવી હોય તો તે એપેલેટ ઓથોરીટીયાને અપીલ અધિકારીનું નામ તથા સરનામું આપવા બાબત. જે બાબતે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન

તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૫૩૦ તા.૭–૭–૧૧ થી " સદર મિલ્કતે બાંધકામ કરવા તથા રજૂ કરવા પેપરની માહિતી મેળવવા હાલમાં પ્રવર્તમાન પુનરાવર્તિત વિકાસ નિયંત્રણ અધિનિયમની નકલ સુડા ભવન ખાતેથી મેળવી લેવી તેવું જણાવેલ છે. પરંતુ જાહેર માહિતી અધિકારી તરફથી સદર અરજી લાગત સત્તા મંડળના જાહેર માહિતી અધિકારીને આરટીઆઈ કાયદાની કલમ–૬(૩) મુજબ તબદીલ કરવામાં આવેલ નથી. જેથી લાગત જાહેર માહિતી અધિકારીએ જો તેઓના કાર્યક્ષેત્રમાં માહિતીની વિગતો આવતી ન હોય તો લાગત જાહેર માહિતી અધિકારી અથવા તો તેવા સત્તા મંડળને આરટીઆઈ કાયદાની કલમ–૬(૩) ની જોગવાઈ મુજબ અરજદારની જાણ હેઠળ તબદીલ કરવાની રહે. પરંતુ અરજદારની જાણ હેઠળ તબદીલ કરવાની જગ્યાએ તેવી માહિતી સદર જાહેર માહિતી અધિકારી પાસેથી મળશે તે આરટીઆઈના કાયદાની જોગવાઈઓ સાથે સુસંગત નથી. આથી જાહેર માહિતી અધિકારીએ કાં તો અરજી તબદીલ કરવાની રહે અન્યથા માહિતી પૂરી પાડવાની રહે. અત્રે એ પણ સૂચક છે કે આજ અરજી સુડા કચેરીના તા.૧૫–૬–૧૧ ના પત્રથી અત્રેના સત્તા મંડળને તબદીલ થયેલ અને છેલ્લે તે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે તબદીલ થયેલ છે. અરજીથી માંગેલ માહિતીનું વિષય વસ્તુ જોતાં મુદ્દા નં.૨ બાકી એફએસઆઈ ની વિગત સુડા કચેરી ખાતે હાલના તબકકે ન હોય તે સ્વાભાવિક છે. તથા મુદ્દા નં.૩ થી ૫ સ્વયં જાહેર કરવા યોગ્ય કક્ષાની અત્રેના જાહેર સત્તા મંડળને સ્પર્શતી માહિતી માટે પણ સુડા કક્ષાએથી મેળવી લેવા અરજદારને જણાવતો પત્ર કાયદાની ભાવના તથા હાર્દને સુસંગત નથી. જયારે મુદ્દા નં.૧ ની માહિતી વર્તમાન સ્થિતિ જોતાં વર્તમાન પ્લાન મંજુરકર્તા સક્ષમ સત્તા કક્ષાએથી એટલે કે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન કક્ષાએથી જ મળી શકે તેવું પ્રથમદર્શી રીતે જણાય છે.

## હુકમ.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૦૮/૦૬/૧૧ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી નહીં પૂરી પડાયેલ મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી દફતરી હકીકતલક્ષી વિગતે આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે. મુદ્દા નં.બ ની માહિતી આપેલ હોય તકરારને સ્થાન નથી.

(પી.જે.ઝાલા)<br>
ડે.કમિશ્નર (સ્પે.)<br>
અને એપેલેટ ઓફિસર<br>
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/<br>
તારીખ : –૮–૧૧

પ્રતિ,<br>
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) ....જાણ તથા અમલ માટે.<br>
(૨) શ્રી ઉમરભાઈ અબ્દુલસત્તાર કાપડીયા,